સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

મહિમા વર્ષ

ઉપક્રમે

ઓક્ટોબર

પ્રગટભાવ માસ

દિવ્યરૂપે શ્રીજીમહારાજ પ્રગટ છે

Family Time સભા - 2
કાર્યક્રમ મટીરીયલ

❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

: વર્ષ :
૨૦૨૨

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

: માસ :
ઓક્ટોબર

મહિમા વર્ષ

ઉપક્રમે

પ્રગટભાવ માસ

(દિવ્યરૂપે શ્રીજીમહારાજ પ્રગટ છે)

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

દિવસમાં એક વખત "હો શ્રીજી તમારું પ્રગટપણું ..."
આ પ્રાર્થના સાચા ભાવે અંતરના આર્તનાદ સાથે અવશ્ય કરીએ.

"દેહ નહીં હું મુક્ત અનાદિ..."
દિવસ દરમ્યાન આ રીતે જ્ઞાનજાગૃતિમાં રહીએ.

SMVS

કૃપાવચનો

(1) "જેટલું અમને પ્રગટપણું, અંતર્યામીપણું દ્રઢ હશે;
તેટલો જય અમારો થશે, નહિ તો સદા પરાજય થશે."

જય એટલે શું ? પરાજય એટલે શું ? તો,

જેટલું પ્રગટપણું, અંતર્યામીપણું દ્રઢ હોય તેટલું સમયે જાણપણું રહે તે જય. અને સમયે જાણપણું રાખી નથી શકતા તે પરાજય. પરિણામની ખબર છે એટલે દુઃખિયા થઈ જઈએ છીએ. પરંતુ દેહભાવને યોગે કરીને, પ્રગટપણાના અભાવે કરીને સમયે જાણપણું નથી રાખી શકતા. કુટેવને, મનને, કુસંગને આધીન થઈ જઈએ છીએ. પરિણામે સમયે જાણપણું નથી રહેતું. એ સમયે જાણપણું રહે એ મોટામાં મોટો જય છે. અને એ રહેશે મહારાજ અને મોટાના પ્રગટપણા અને અંતર્યામીપણાના દ્રઢાવથી. એ દ્રઢાવ થશે પ્રાર્થના અને ભજનથી.

(2) હાલતાં-ચાલતાં કે એકાંતમાં, આ રહ્યા મહારાજ. જે મિનિટે એકલા પડયા એ મિનિટે લૂંટાઈ જઈશું. પ્રગટભાવ-અંતર્યામીપણાની વાતો કરીએ છીએ, સાંભળીએ છીએ પણ દ્રઢાવ નથી કર્યો એટલે સ્થૂળ દેહની, સૂક્ષ્મ દેહની આજ્ઞાઓ લોપાઈ જાય છે, લૂંટાઈ જવાય છે. મનન-ચિંતનની આદત નથી. પરિણામે દ્રઢાવ થતો નથી અને તેને કારણે આવી સર્વોપરી પ્રાપ્તિ હોવા છતાં સર્વોપરી જોગ હોવા છતાં થાપ ખાઈ જવાય છે.

(3) આધ્યાત્મિક માર્ગનો ભયંકરમાં ભયંકર અને ખતરનાકમાં ખતરનાક શબ્દ છે - 'મને કોઈ જોતું નથી, અહીં કોઈ નથી.' આ શબ્દની માયાજાળ બહુ ભયંકર છે. એનું રીઝલ્ટ બહુ ભયંકર છે. સો વર્ષની સાધના, સો વર્ષની સાધુતા, સો વર્ષનું ભક્તપણું... આ એક શબ્દના સંગે કરીને એક સેકન્ડમાં મીંડું થઈ જાય.

દાદાખાચર (ઉત્તમ મહિમા)

જુઓ જુઓ રે દાદાખાચર... શ્રીજીની માળાના મેળ;
મારે થવું છે દાદાખાચર, શ્રીજીની માળાના મેળ...ટેક

બાળપણમાં ઘેડ્ય પડી ગઈ, શ્રીહરિ એ જ ભગવાન રે;
કલ્યાણકારી દિવ્ય છે મુક્તો(૨), જાણે દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૧

નાનામોટા સહુનો મહિમા, સૌમાં જુએ મહારાજ રે;
દાસના દાસ એ સદા ગણાયા(૨), જુઓ દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૨

મહિમા સભર રહ્યા ને કર્યા, મહિમાની મૂર્તિ જણાય રે;
સંતો-ભક્તો અહીં હોય જ ક્યાંથી(૨), એવા દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૩

અભાવ, અવગુણ, અપરાધ કેવો, ભૂલમાંયે નવ થાય રે;
ભક્તોના ગુના માફ કરો હરિ(૨), માગે દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૪

હજારો સંતો-ભક્તો રહેતા, દરબારગઢની માંય રે;
રહેવાના ઓરડા સોંપી દીધા(૨), એવા દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૫

ચોરી કરી ચારસો રૂપિયાની, છતાં નમી પગે લાગે રે;
ભજન કરે તેને મરાય કેમ(૨), કહેતાં દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૬

શ્રીહરિ ને સંતો સેવ્યા, દિવ્યભાવે સદાય રે;
વેણ કવેણ ને પથરાં ખાધા(૨), એવા દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૭

શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ આ, **SMVS** કહેવાય રે;
સંતો-ભક્તોની સેવા ક્યાંથી(૨), શીખવે દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૮

બાપજી ને સ્વામીશ્રી આવ્યા, સંકલ્પ શ્રીજી ગણાય રે;
ઘેડ્ય પાડી દઈ જીવસત્તાએ(૨), થવું છે દાદાખાચર.
જુઓ જુઓ રે...૦૯

ઓડિયો કીર્તનનું શ્રવણ કરવા માટે
બાજુમાં આપેલ Button પર ક્લિક કરો..

ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી દિવ્યવાણી

પ્રગટભાવ એ જ ખરો પ્રેમ



દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.

પામીએ
પ્રેરણા

સંતો–ભક્તોને ઠાકોરજીનો પ્રગટભાવ દૃઢ કરાવ્યો

તા. ૧૩-૩-૨૦૧૯ને બુધવારના રોજ સવારે સ્વામિનારાયણ ધામ ખાતે સંત આશ્રમના શયનખંડમાં વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાનિધ્યમાં સ્વામિનારાયણ ધામમાં સેવા આપતા આજીવન સેવકોની સભા ગોઠવાયેલી હતી.

સભાના પ્રારંભે એક પૂ. સંતે પ્રવચન કર્યું. ચાલુ પ્રવચને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા.

પરંતુ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ જોયું અને ટકોર કરતાં કહ્યું, "સંતો ! હરિભક્તો ! આ સભામાં ઠાકોરજી તો પધરાવ્યા નથી. તમે અમારું આસન, સંતોના આસન આદિ બધી વ્યવસ્થા કરી પરંતુ ઠાકોરજીને પધરાવવાના રહી ગયા. સભામાં ઠાકોરજીની મૂર્તિ અવશ્ય પધરાવવી જ. તમે સભામાં આવ્યા ત્યારે સભાના પ્રારંભે બે દંડવત કર્યા હશે, પરંતુ ઠાકોરજી તો ન હતા. દંડવત કોને કર્યા ?? અત્યારે આ બધાય હરિભક્તોમાંથી આ વિચાર કોઈને ન આવ્યો ? જે આપણી પ્રગટભાવની કસર કહેવાય. અત્યારે પ્રગટભાવ અને અંતર્યામીપણું દૃઢ કરીએ તે લક્ષ્યાંકનો માસ ચાલે છે. છતાંય, આપણામાં આવી કસર રહી જાય છે."

આમ કહી આખી સભામાં મહારાજનું મુખ્યપણું, પ્રગટપણું તેની પર સૌને લાભ આપ્યો. એમ ઠાકોરજીનો પ્રગટભાવ દૃઢ કરાવ્યો.